દાવો રજી. તારીખ	૨૨	૧૨	૨૦૧૪
દાવો નિકાલ તારીખ	૧૧	૦૬	૨૦૨૬
સમય–અવધિ	વર્ષ	માસ	દીવસ
	૧૧	૦૫	૨૦

બાયડના મહે. પ્રીન્સીપાલ સીનીયર સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,

મુ. બાયડ, જી. અરવલ્લી.

રે.દી.મુ.નંબર :૩૮/૨૦૧૪

આંક :– ૧૦૫

વાદીઓ

૧. કૃષ્ણાભાઇ બેચરભાઇ પટેલ
૨. મયંકભાઇ રવચંદભાઇ પુજાભાઇ પટેલ
બંન્ને ઉ.વ.આ.પુખ્ત વયના ,બન્ને ધંધો. ખેતી
બન્ને રહે. ચોઇલા, તા.બાયડ,જીઅરવલ્લી.

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદીઓ

૧. રમેશભાઇ અંબાલાલ મોતીભાઇ પટેલ
૨. મેલાભાઇ શંકરભાઇ ચતુરભાઇ પટેલ
૩. મહેશકુમાર જયંતિલાલ ઉપાધ્યાય
ઉ.વ.આ.પુખ્ત વયના, તમામ ધંધો–ખેતી
નં. ૧ અને નં.૨ રહે. ચોઇલા, તા.બાયડ, જી.અરવલ્લી.
નં.૩ રહે. પાન્ડુરંગ સોસાયટી, મોડાસા,
તા.મોડાસા, જી.અરવલ્લી.

દાવો :– દાવો રૂ.૩૦૦/– ના આંકથી કાયમી મનાઇ હુકમ તથા ડેકલેરેશન મેળવવા માટેનો

....

વાદી તરફે વિ.વ.શ્રી : કે.ડી.સોલંકી
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : એમ.એમ.કોઠારી

....

:: જજમેન્ટ ::

(૧) વાદીના **<u>રે.દી.મુ.નંબર :૩૮/૨૦૧૪</u>** ની ટૂંકમાં હકીકત નીચે મુજબની છે.

(૧.૧) વાદી દ્વારા તેની દાવા અરજીમાં જણાવેલ છે કે, વાદીઓ ચોઈલા મુકામે રહે છે અને ખેતી વાડી કરી પરીવારનું ભરણપોષણ કરે છે.વાદીના મકાનો ચોઈલા મુકામે દારાવત ફળીયામાં આવેલ છે જ્યારે પ્રતિવાદીના મકાનો પીપળાવાળી ફળી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ છે. બન્ને પક્ષકારના મકાનનો પાછળનો ભાગ સામસામે આવેલ છે.વાદીના મકાનો વડવાઓ વખતના હતા અને ત્યારબાદ વાદીઓએ વારસાઈ હક્કથી નામે કરાવેલ છે. જેનો મિલ્કત નં-૧૬૪,૧૬૫,૧૬૬ અને ૧૬૭ છે. તે મકાનો પશ્ચિમ દિશાના મુખ્ય બારણાના મકાનો આવેલ છે અને પછીતના ભાગે પણ ઘરની પાછળના ભાગના બારણા આવેલ છે. પછી વાદીઓએ જે શેડ મારેલ તે નીચે ચુલા હોવાના કારણે જર્જરીત થઈ જતા તેમાં નવો શેડ બનાવેલો તે શેડ વાદીઓની માલીકીની મિલકતમાં આવેલ છે અને તેનો વાપર ઉપયોગ ઘણા લાંબા સમયથી કરે છે અને તેમાં પાકુ સીમેન્ટનું રળથળ કરી સીમેન્ટના ચુલા બનાવી,પાણીની ટાંકીઓ બનાવી ઉપરોક્ત મિલકતનો વાદીઓ માલીકી હક્કે ઉપયોગ કરે છે.

(૧.૨) વધુમાં, વાદીઓના મકાનની પુર્વ વાદીઓની માલીકીની જમીન મુકી આ કામના પ્રતિવાદીઓની માલીકીની તેમજ ભાડાના મકાન આવેલ છે અને તે મકાનના મુખ્ય બારણા પૂર્વ દિશાના છે અને પશ્ચિમ દિશાએ તેમના મકાનોના પાછળના બારણા આવેલા છે. તેમના પાછળના બારણાથી પશ્ચિમ બાજુએ ખુલ્લી જગ્યા આશરે ૮(આંઠ) એક ફુટ આવેલ છે. તેમાં આ કામના પ્રતિવાદીઓએ વર્ષોથી દબાણ કરેલ છે. જે દબાણ વાળી જગ્યાની હદ ખુંટ નીચે મુજબ છે.

પૂર્વે	–	પ્રતિવાદીઓના મકાનની પાછળનો ભાગ આવેલ છે.
પશ્ચિમ દિવાલ તથા	–	દાવાવાળી જગ્યા છોડી પ્રતિવાદીઓનો શેડ તથા વાદીઓના મકાનની બારણા આવેલ છે.
ઉત્તરે	–	અંબાવીદાસ અવચળદાસ પટેલના ઘરનો કરો જે હાલ કિરણભાઈ મંગળભાઈ પટેલ રહે છે. તે મકાનનો કરો આવેલ છે.
દક્ષીણે	–	ખૂલ્લી જગ્યા આવેલ છે.

આમ, ઉપર વર્ણવેલ હદ ખુંટ વચ્ચેની જગ્યાને હવેથી દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે.

(૧.૩) વધુમાં, વાદીઓ દાવાવાળી જમીનોના મુળથી વાદીઓના વડીલોના સમયથી વાદીઓના મકાનની પાછળ આવેલ જગ્યાનો માલીકી હક્કે કબજો ભોગવટો આવેલ હતો અને આજે પણ તે જગ્યાનો કબજો ભોગવટો આવેલ છે. આકામના પ્રતિવાદીઓના મકાનોની પાછળના ભાગે એટલે કે, પશ્ચિમ દીશાએ તેમના મકાન મુકી આશરે ૮(આંઠ) ફૂટ જમીનના તેઓ કોઇપણ પ્રકારે માલીકી હક્કે તેઓ કબજેદાર ન હતા તેમ છતા મુળ હક્ક વિરૂધ્ધ કાયદો હાથમાં લઇ થોડા વર્ષ ઉપરાંત દાવાવાળી જગ્યામાં નવો હકક ઉત્પન્ન થાય તે રીતે કૃત્ય કરી દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ રળથળ કરી ચૂલા બનાવી તેમજ સીમેન્ટના થાંભલા નાખી પતરાનો શેડ નાખેલો છે. તેમજ પ્રતિવાદી નં-૨ નાઓ એ પાકુ સંડાસ બાથરૂમ ગેરકાયદેશર બનાવેલ છે. તે સમયે વાદીએ આ કામના પ્રતિવાદીઓને આવુ ગેરકાયદેશર કૃત્ય ન કરવા સમજાવેલા પરંતુ પ્રતિવાદીઓ માથાભારે અને લાગવગ વાળા હોય ધણીબધી રજુઆતો કરવા છતા અધીકારીઓએ વાદીની રજુઆત સાંભળેલી નહી. જેથી આ કામના પ્રતિવાદીઓએ વાદીઓ ઉપર અદાવત રાખી આપ નામદાર કોર્ટમાં દી.મુ.નં-૪/૨૦૧૪ થી ખોટા કારણ બતાવી ખોટો દાવો દાખલ કરેલ છે.જેમાં આ કામના પ્રતિવાદીઓએ દાવા અરજીમાં ઉપરોક્ત દાવાવાળી જગ્યાને ખૂલ્લી બતાવેલ છે અને ત મુજબનું ખોટુ પંચનામું પણ કરાવેલ છે.

(૧.૪) વધુમાં, આ કામના પ્રતિવાદીઓના મકાનો ઉંચી જગ્યાએ આવેલા છે અને વાદીઓના મકાન નિચી જગ્યાએ આવેલ છે.જેના કારણે વાદીઓના મકાનમાં પ્રતિવાદીઓએ કરેલ ગેરકાયદેશર દબાણથી તે જગ્યા તથા તેમના મકાનું પાણી વાદીઓના મકાનમાં ચોમાસામાં પેંસી જાય છે.જેના કારણે વાદીઓના મકાનના પાયા જુના હોય મકાન પડી જાય તેવા પ્રયાસો પ્રતિવાદીઓ કરી રહ્યા છે.આ કામના પ્રતિવાદીઓ ગેરકાયદેશર કૃત્યો કરી રહ્યા છે. તે કૃત્યોના કારણે વાદીઓને ગંભીર નુક્શાન થઇ રહ્યુ છે. તેથી આ કામના પ્રતિવાદીઓ સામે આદેશાત્મક મનાઇ હુકમ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૧.૫) વાદીઓને સદર દાવા અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે કે, આ કામના પ્રતિવાદીઓ વાદીઓની મિલકતને નુક્શાન પહોંચાડવાના ઇરાદાથી દાવાવાળી જગ્યામાં પ્રતિવાદીઓએ રળથળ કરી ચુલા બનાવી તેમજ સિમેન્ટના થાંભલા નાખી પતરાનો શેડ નાખેલો છે. તેમજ પ્રતિવાદી નં-૨ નાઓએ પાકુ સંડાસ બાથરૂમ ગેરકાયદેશર બનાવેલ છે. ગેરકાયદેશર

રીતે બાંધકામ કરી પ્રતિવાદીના મકાનના નેવાના વરસાદના પાણી વાદીની મિલકતમાં ભરાઇ રહે છે અને પાયામાં ઉતરે તેવા ગેરકાયદેશર કૃત્યોના કારણે વાદીઓના મિલ્કતોના હક્કોને નુક્શાન પહોંચે તેવા પ્રયત્નો કરી રહ્યા હોય તેથી અને ત્યારથી દાવા કરવાનું કારણ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.વધુમાં, આ કામના વાદીઓ દાવાવાળી જગ્યામાં ગેરકાયદેશર દબાણ કરી તેમાં રળથળ કરી સીમેન્ટના બીંબ પર પતરા નાખી તેમજ પ્રતિવાદી નં–૨ નાઓ એ પાકુ સંડાસ બાથરૂમ બનાવી અને તે બધાનું પાણી વાદીઓની મિલકતમાં આવે તે રીતે ગેરકાયદેશર પ્રયાસ કરી રહ્યા હોય જેથી વાદીઓને માગ્યા મુજબનો આદેશાત્મક કાયમી મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીઓની માલીકીની મિલકતને યોગ્ય રીતે વાપર ઉપયોગ કરીએ નહી તે રીતના પ્રતિવાદીઓના કૃત્યો દુર કરવામાં ન આવે તો વાદીઓને પારાવાર નુક્શાન જાય તેમ છે. જ્યારે આ કામના પ્રતિવાદીઓને કોઇ પણ પ્રકારનું નુક્શાન નથી. વાદીઓનો પ્રાઇમાફેસી દાવો છે તેમજ બેલેન્સ ઓફ કનવીન્સ વાદીઓની તરફેણમાં છે.

(૧.૬) સદર દાવામાં વાદીએ અરજ કરી દાદ માંગેલ છે કે,(અ) વાદીઓના મકાનો વડવાઓના હતા અને ત્યારબાદ વાદીઓના નામે વારસાઇ હક્કથી નામે આવેલ છે. જેનો મિલકત નં–૧૬૪, ૧૬૫, ૧૬૬, અને ૧૬૭ છે. તે મકાનો પશ્ચિમ દિશાના મુખ્ય બારણાના મકાનો આવેલા છે અને પછીતના મકાનો પણ ઘરની પાછળના બારણાના આવેલા છે અને તે પછીની વાદીઓએ જે શેડ મારેલ છે. તે શેડની અમારી માલીકીની મિલકતમાં આવેલ છે. તે પછીની પૂર્વ દીશામાં આ કામના પ્રતિવાદીઓ ગેરકાયદેશર રીતે રળથળ કરી સિમેન્ટના થાંભલા તેમજ ઉપર પતરા નાખી પ્રતિવાદી નં–૨ નાઓ એ પાકા સંડાસ બાથરૂમ બનાવી નવિન હક્કો ઉભા કરવાનો પ્રયત્ન કરી રહેલ હોય તે તમામ ગેર કાયદેશર કૃત્યો આ કામના પ્રતિવાદીઓ દૂર કરે તેવો આદેશાત્મક કાયમી મનાઇ હુકમ પ્રતિવાદીઓને ફરમાવશો અને આ પ્રતિવાદીઓ અમારી માલીકીની મિલકતમાં કબ્જા ભોગવટામાં કોઇ પણ જાતનો જાતે કે અન્ય વ્યક્તિઓ મારફતે કોઇ પણ પ્રકારનો હેલો, હરકત કરે કરાવે નહી તેવો કાયમી જાથુનો મનાઇ હુકમ આપવા હુકમ ફરમાવશો.

(૨) પ્રતિવાદીઓને દાવાનો સમન્સ ઈશ્યુ કરવામા આવેલ જે અનુસંધાને આ દાવાનો સમન્સ ધારસર રીતે બજાવવામા આવેલ ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓ જાતે તથા

વિ.વ.શ્રી મારફત હાજર રહેલ છે. આ કામના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં. ૧ થી ૩ નાએ **આંક –૨૧** થી દાવાનો જવાબ રજુ કરેલ છે જે લેખીત જવાબ નીચે મુજબ છે.

(૨.૧) વાદીઓનો દાવો તથા મનાઇ અરજી આ અને આવા સ્વરૂપમાં કાયદેશર ન હોય રદ થવાને પાત્ર છે.દાવા તથા મનાઇઅરજીના મજકુરો વાદીઓએ સ્પષ્ટ પણે જણાવ્યા કબુલ્યા સિવાય કોઇ હકીકત પ્રતિવાદીઓને કબુલ બંધનકર્તા નથી. વાદીઓનો દાવો તથા મનાઇઅરજી કાયદાકીય જોગવાઇ વિરુધ્ધ હોય રદ થવાને પાત્ર છે. વાદીઓનો દાવો તથા મનાઇઅરજી મનાઇહુકમના સિધ્ધાતો અને સ્પેસીફીક રીલીફ એક્ટની જોગવાઇ વિરુધ્ધ હોઇ રદ થવાને પાત્ર છે. વાદીઓના દાવા તથા મનાઇઅરજીને ડીલે, વેઇવર, લેચીઝ તેમજ એસ્ટોપલનો પણ બાધ નડે છે.વાદીઓએ દાવાવાળી જમીન સંબધે પ્રતિવાદીઓનો હક્ક હિતની હકીકતો છુપાવીને દાવા તથા મનાઇઅરજી કરેલ હોઇ રદ થવાને પાત્ર છે.વાદીઓ શુધ્ધબુધ્ધીથી, ચોખ્ખા હાથે આપ નામદાર કોર્ટ સમક્ષ આવેલ ન હોઇ તેમજ સાચી હકીકતો છુપાવી નામ કોર્ટને ગેરમાર્ગે દોરી દાવો તથા મનાઇઅરજી કરેલ હોઇ રદ થવાને પાત્ર છે.અમો પ્રતિવાદીઓએ આ કામના વાદીઓ વિરુધ્ધ આપ નામદાર કોર્ટમાં તા. ૧૦/૬/૨૦૧૪ ના રોજ દાવો તથા મનાઇઅરજીનો દાવા ન. ૪/૨૦૧૪ થી તા. ૧૦/૬/૨૦૧૪ ના રોજ કરેલો અને ત્યારબાદ હાલનો દાવો તા ૨૨/૧૨/૨૦૧૪ ના રોજ અમો પ્રતિવાદીઓએ કરેલ દાવો કાઉન્ટર બ્લાસ્ટ કરવા ઉપજાવી કાઢી કરેલ હોઇ રદ થવાને પાત્ર છે. દાવા તથા મનાઇઅરજીના પેરા ૧ અગે ખાસ તકરાર નથી.દાવા તથા મનાઇઅરજીના પેરા– ૨ મા જણાવ્યા મુજબ વાદીઓના મકાનો વડવાઓના હોઇ ત્યારબાદ વાદીઓના નામે વારસાઇ હક્કથી આવેલાની અને જણાવેલ મિલકતો તેઓની હોવાની હકીકત સાબિત કરવી જોઇએ વાદીઓના જણાવ્યા મુજબ તેમ ના મકાનો પશ્ચીમ દિશાના મુખ્ય બારણાના આવેલા હોવાની હકીકત પણ ખરી નથી અને સાબિત કરવી જોઇએ. વાદીઓના જણાવ્યા મુજબ મકાનના પછીતના ભાગે પણ ઘરની પાછળના ભાગના બારણા આવેલા અને તે પછી વાદીઓએ શેડ મારેલ હતો તે નીચે ચુલા હોવાના કારણે જર્જરીત થઇ જતાં નવો શેડ બનાવેલો અને તે શેડ વાદીઓની માલીકીની મિલકતમાં આવેલ હોવાની અને વાપરઉપયોગ ઘણા લાંબ સમયથી કરતાં હોવાની અને સીમેન્ટનુ પકુ રળથળ કરી તેમજ સીમેન્ટના ચુલા બનાવી પાણીની ટાંકીઓ બનાવી જણાવેલ મિલકતનો વાદીઓ માલીકી હક્કે ઉપયોગ કરતાં હોવાની હકીકતો વાદીઓએ તદ્દન

ખોટી અને ગેરકાયેદસર રીતે નવો હક્ક ઉભો કરવા જણાવેલ છે. હકીકતમાં વાદીઓના મકાનોની પછીતે કોઇ બારણુ આવેલ નહી કે વાપરઉપયોગ કોઇપણ રીતે શેડ બનાવી કરતાં આવેલા નહી. વાદીઓના મકાનની પછીત અને તેમાં માત્ર બારીનો હક્ક આવેલો તેમ છતાં વાદીઓએ તેઓના મુળ હક્ક વિરુધ્ધ જઇ જોહુકમી અને કાયદો હાથમાં લઇ કેટલાક વર્ષ પહેલા મકાનોની પછીતમાં બારણા મુકી નવો હક્ક ઉતપન્ન થાય તે રીતે કૃત્ય કરી વાદીઓના મકાનોની પશ્ચીમે આવેલ અમો પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની ખુલ્લી જમીનમાં વાપરઉપયોગ કરવાનુ ચાલુ કરેલ અને તે પૈકી આશરે ૫ થી ૬ ફૂટ પુર્વ પશ્ચીમ પહોળાઇ અને ઉત્તર દક્ષિણ લબાઇમાં સીમેન્ટનુ રળથળ કરી ચુલા કરી ખુલ્લો વપરાશ કરવાનું શરુ કરેલુ જે બાબતે અમો પ્રતિવાદીઓએ વાદીઓને અટકાવેલા પરંતુ તેઓ પાડોશી અને કુટુંબમાં થતાં હોઇ કોઇ કાર્યવાહી કરેલી નહી.

(૨ .૨) વધુમાં, વાદીઓએ તેઓના મકાનોની પછીત અને તેમાં બારી આવેલી તેની જગ્યાએ ખોટી રીતે બારણાં મુકી તેને અડીને પશ્ચીમે આવેલ પ્રતિવાદીઓની માલીકી કબજા પૈકીની જમીનમાં દબાણ કરી વાપરઉપયોગ શરૂ કરેલો, ત્યારબાદ અમો પ્રતિવાદીઓએ વાદીઓ વિરુધ્ધ આપ નામદાર કોર્ટમાં દાવા ન. ૪/૨૦૧૪ એટલા માટે કરવો પડેલ કે વાદીઓ તેમના મકાનોની પાછળ પછીતના ભાગમાં પુર્વ પશ્ચીમના ઢાળ પડે તેમ લોખડની પાઇપો પુર્વ પશ્ચીમ ૭ ફૂટ લંબાઇની મકાનોની પછીતમાં નવેસરથી ખોંચી નાખવાનુ શરૂ કરી લોંખડની પાઇપો આશરે ૧૫ નંગ જેટલી તેઓના મકાનોની પછીતમાં નાખી દઇ અમો પ્રતિવાદીઓની માલીકીની જમીનમાં વધુ નવો હક્ક ઉતપન્ન થાય અને વાદીઓએ જગ્યા કવર્ડ કરવા પ્રયાસ કરેલો અને નવા હક્કો ઉતપન્ન થાય અને અમો પ્રતિવાદીઓના હક્કોને નુકશાન થાય આ સજોગોમાં પ્રતિવાદીઓએ વાદીઓ વિરુધ્ધ આપ નામદાર કોર્ટમાં દાવા નં. ૪/૧૪ કરેલ છે. પ્રતિવાદીઓના મકાનોની પશ્ચીમ દિશાએ મુળથી કબજા ભોગવટાની ઢોર બાંધવની ખુલ્લી જમીન આવેલ છે તે મુકીને વાદીઓના ઘરની પછીત આવેલી આમ આ કામના વાદીઓ અને અમો પ્રતિવાદીઓના મકાનની વચ્ચે છુટી જમીન પ્રતિવાદીઓના માલીકી કબજાની પુર્વ પશ્ચીમ ૧૨ થી ૧૪ ફૂટ પહોળાઇના અને ઉત્તર દક્ષિન લંબાઇની આવેલી છે. દાવા તથા મનાઇઅરજીના પેરા– ૩ માં જણાવ્યા મુજબ વાદીઓના મકાનોની પુર્વે વાદીઓની માલીકીની જમીન આવેલાની હકીકત તથા તે મુકી પ્રતિવાદીઓની માલીકીના મકાન આવેલાની હકીકત વાદીઓએ ખોટી રીતે હક્ક નષ્ટ કરવા ઉપજાવી કાઢી

જણાવેલ છે તેમજ અમો પ્રતિવાદીઓએ મકાનોના પાછળના બારણાથી પશ્ચીમ બાજુએ ખુલ્લી જગ્યા આશરે ૮ ફૂટમાં વર્ષોથી દબાણ કરેલાની હકીકતો વાદીઓએ પાછળથી માત્ર દાવો તથા મનાઇઅરજી કરવા ઉપજાવી કાઢી જણાવેલ છે. વાદીઓએ ખોટી રીતે દબાણવાળી જગ્યા જણાવી ખોટી રીતે હદખુંટ જણાવી દાવાવાળી જમીન તરીકે સંબોધી ખોટો દાવો તથા મનાઇઅરજી કરેલ છે.

(૨.૩) દાવા તથા મનાઇઅરજીના પેરા ૪ માં જણાવ્યા મુજબ દાવાવાળી જમીનમાં મુળથી વાદીઓના વડીલોના સમયથી વાદીઓના મકાનોની પાછળ આવેલ જગ્યાનો માલીકી હક્કે કબજો ભોગવટો આવેલાની અને તે જગ્યાનો કબજો ભોગવટો આવેલ હોવ ની હકીકતો જણાવી પ્રતિવાદીઓના મકાનોની પાછળના ભાગે એટલે કે પશ્ચીમ દિશાએ મકાન મુકી આશરે ૮ ફૂટ જમીનના કોઇ માલીક કબજેદાર ન હોવા છતાં મુળ હક્ક વિરુધ્ધ કાયદો હાથમાં લઇ થોડા વર્ષ પહેલા દાવાવાળી જગ્યામાં નવો હક્ક ઉતપન્ન થાય તે રીતે કૃત્ય કરી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ રળથળ કરી ચુલા બનાવી તેમજ સીમેન્ટના થાંભળા નાખી પતરાનો શેડ નાખેલો તેમજ પ્રતિવાદી નં. ર નાએ પાકૂ સંડાસ બાથરૂમ ગેરકાયેદસર રીતે બનાવેલાની હકીકતો પણ વાદીઓએ ખોટી રીતે કાઉન્ટર બ્લાસ્ટ કરવા પ્રતિવાદીઓના કાયદેસરના હક્ક હિત વિરુધ્ધ ઉપજાવી કાઢી જણાવેલ છે વધુમાં જણાવ્યા મુજબ આવુ કૃત્ય ન કરવા સમજાવેલા પરંતુ પ્રતિવાદીઓ માથાભારે અને લાગવગ વાળા હોઇ ઘણી બધી રજુઆતો કરવા છતાં અધિકારીઓએ વાદીઓની રજુઆત સાંભળેલ નહી જેથી પ્રતિવાદીઓએ વાદીઓ ઉપર અદાવત રાખી દાવા નં. ૪/૨૦૧૪ ખોટા કારણ બતાવી ખોટો દાવો કરી દબાણ વાળી જગ્યાને ખુલ્લી બતાવી ખોટુ પંચનામું કરેલાના મજકૂરો પણ વાદીઓએ માત્ર દાવો તથા મનાઇઅરજી કરવા ઉપજાવી કાઢી જણાવેલ છે.હકીકતમાં અમો પ્રતિવાદીઓએ અમારા મકાનોની પશ્ચીમ એટલે કે પાછળની ભાગે માલીકી કબજાની જમીનમાં જાજરૂ-બાથરૂમ વર્ષો પહેલા કરેલ છે તેમજ પાણીની ટાંકી વિગેરે માલીકી કબજાની જમીનમાં વાપરઉપયોગમાં લેવામાં આવેલ છે. જે હકીક્ત વાદીઓ તથા તેમના વડીલો પણ સારી રીતે જાણે છે અને આશરે ૪૦-૪૫ વર્ષ ઉપરાંતથી માલીકી કબજાની જમીનમાં વાપરઉપયોગ કરતાં આવ્યા છીએ અને કરીએ છીએ તેમ છતાં વાદીઓએ અમો પ્રતિવાદીઓની દાવાવાળી માલીકી કબજા ભોગવટાની જમીનને ખોટી રીતે પોતાની માલીકી કબજા ભોગવટાની જણાવી ઉલટો ચોર કોટવાલને ડડે તેવી નીતી અપનાવી દાવો તથા મનાઇ અરજી કરેલ છે.

(૨.૪) દાવા તથા મનાઈઅરજીના પેરા–૫ માં જણાવેલ હકીકતો અમો પ્રતિવાદીને કબૂલ નથી. અને વાદીઓએ ખોટી હકીકતો જણાવી ઉપજાવી કાઢી દાવો તથા મનાઈઅરજી કરવાની વ્યક્તિગત રીતે જરૂરીયાત ઉપસ્થિત કરેલ છે. દાવા તથા મનાઈઅરજીના પેરા ૬ માં વાદીઓએ જે કારણ જણાવેલ છે તેવુ કોઈ કારણ કાયદેસરનુ ઉપસ્થિત થયેલ નથી. દાવા તથા મનાઈઅરજીના પેરા ૭ માં વાદીઓએ જે હકીકતો જણાવેલ છે તે નામદાર કોર્ટથી ખોટી સહાનુભુતી મેળવવા તેમજ દાદ અરજ મેળવવા કાયદાની મર્યાદ માં લાવવા જણાવેલ હોઈ કાયદેસર નથી.દાવા તથા મનાઈઅરજીના પેરા ૮ માં માંગ્યા મુજબની કોઈ દાદ અરજ મેળવવા વાદીઓ હક્કદાર નથી વાદીઓએ દાવામાં કોઈ પરીણામજન્ય દાદ માંગેલ નથી તેમજ માંગેલ દાદ અરજ કાયદા વિરુધ્ધની હોઈ વાદીઓ મેળવવા હક્કદાર નથી. વાદીઓએ તદ્દન ખોટો, ગેરકાયદેસરનો હક્ક અધિકાર વગરનો દાવો તથા મનાઈઅરજી કરેલ હોઈ અને દિ.મુ.નં –૪/૨૦૧૪ ના દાવાની કાર્યવાહીને કાઉન્ટર બ્લાસ્ટ કરવા અને અમો પ્રતિવાદીઓ ઉપર આડકતરી રીતે દબાણ લાવવા કરી અમો પ્રતિવાદીને ખોટા ખર્ચમાં ઉતારેલ હોઈ પ્રતિવાદીઓને વાદીઓ પાસેથી રૂ. ૫૦,૦૦૦/– કોમ્પસેટરી કોસ્ટ અપાવવા હુકમ કરી વાદીઓનો દાવો તથા મનાઈઅરજી રદ કરશોજી. વાદીઓએ રજુ કરેલ પુરાવાલીસ્ટ કબૂલ નથી.

(૩) અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો ન્યાયી જણાય છે કે, હાલના એટલે કે, રે.મુ. નં. ૩૮/૨૦૧૪ ના પ્રતિવાદીઓ દવારા તા. ૧૦/૦૬/૨૦૧૪ ના રોજ પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, બાયડ સમક્ષ હાલના દાવાના વાદીઓ સામે મનાઈહુકમ અંગનો દાવો દાખલ કરવામા આવેલ અને આ કામના પ્રતિવાદીઓ ના તે દાવાને રે.દી.મુ. નં. ૦૪/૨૦૧૪ થી રજીસ્ટર કરવામા આવેલ છે. તેમજ, હાલનો આ દાવો વાદીઓએ તા. ૧૦/૦૬/૨૦૧૪ ના રોજ રે. દી.મુ. નં. ૩૮/૨૦૧૪ થી દાખલ કરવામા આવેલ છે. તેમજ, આ બંને દાવાઓ મા પક્ષકારો તથા દાવાવાળી વિષ્ય વસ્તુ એક જ હોય અને દાવાઓમા તકરારો અને મુદદાઓ એક સરખા હોય બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવાનો **આંક–૭૪** ની અરજી લગત હુકમ કરવામા આવેલ છે અને ત્યારબાદ આ બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવામા આવેલ છે. જે મુજબ રે.દી.મુ. નં. ૦૪/૨૦૧૪ ના વાદીઓ દવારા બંને દાવાઓમા પ્રથમ પુરાવો રજુ કરેલ છે અને ત્યારબાદ રે. દી.મુ. નં. ૩૮/૨૦૧૪ ના વાદીઓને એટલે કે, હાલના વાદીઓને પુરાવો રજુ કરવા તક આપવામા આવેલ છે.

(૪) વધુમા, અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો ન્યાયી જણાય છે કે, બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવાનો **આંક–૭૪** ની અરજી લગત હુકમ કરવામા આવેલ છે અને ત્યારબાદ આ બંને દાવાઓમા એકી સાથે પુરાવો નોધવામા આવેલ છે. પરંતુ, સદર દાવાના કામે અત્રેની અદાલત દવારા મુકરર કરવામા આવેલ મુદદાઓ ધ્યાને લેતા તથા પક્ષકારો તર્ફે રજુ કરવામા આવેલ પુરાવો ધ્યાને લેતા આ દાવાના કામે પક્ષકારોએ પોતપોતાની દાવાવાળી મિલ્કતો પરત્વે મનાઈ હુકમ અંગેની દાદ માંગેલ છે જેથી આ કામે બંને દાવાઓની હકીકત અલગ અલગ હોય અને તે મુજબ તેના નીર્ણયના કારણો પણ અલગ–અલગ હોય બંને દાવાઓના હુકમ એકી સાથે કરવામા આવે તો તેના નીર્ણયના કારણો ની ચર્ચા ને લીધે ગુચવણ ઉભી થાય તેમ છે જેથી આ બંને દાવાઓના હુકમ અલગ–અલગ કરવામા આવેલ છે.

(૫) આ કામના મુળ વાદીઓ તરફે તેમના દાવાના સમર્થનમા કોઈ મૌખિક દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી અને આ કામના મુળ વાદીઓનો પુરાવાનો હકક અત્રેની અદાલત દવારા તા.૦૭/૦૩/૨૦૨૪ ના રોજ **આંક – ૯૬** ની અરજી હેઠળ હુકમ કરી બંધ કરવામા આવેલ છે.

(૬) આ કામના પ્રતિવાદીઓ તરફે સદર દાવાના કામે **આંક–૭૪** ની અરજી લગત હુકમ કરવામા આવેલ હોય આંક–૭૪ ના હુકમ મુજબ નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

:: મૌખિક પુરાવો ::

ક્રમ	આંક	સાહેદની વિગત
૦૧	૮૧	રમેશભાઈ અંબાલાલ પેટલનુ સરતપાસનુ સોગંદનામુ

:: વાદીનો દસ્તાવેજી પુરાવો ::

ક્રમ	આંક	દસ્તાવેજોનું વર્ણન
૦૧	૮૩	મકાનનો વેચાણ દસ્તાવેલ અસલ
૦૨	૮૪	ઘર નં–૨૨૪ પરત્વે ટેક્ષ ભર્યાની અસલ પાવતી
૦૩	૮૫	ઘર નં–૨૨૪ પરત્વે ટેક્ષ ભર્યાની અસલ પાવતી

આ કામના મુળ પ્રતિવાદી તરફે આંક – ૮૯ ની કલોઝીંગ પુરસીશ રજુ કરવામા આવેલ છે.

(૭) હાલના દાવાના ન્યાય નિર્ણય માટે **આંક–૨૨** થી નીચે મુજબના મુદ્દા મુકરર કરેલા છે.

–: મુદ્દા :–

(૧) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીઓના મકાનોના પાછળના બારણાથી પશ્ચિમ બાજુએ ખુલ્લી જગ્યા ૮ ફુટ આવેલી છે તે વાદીની માલીકીની છે ?

(૨) શું વાદી સાબીત કરે છે કે પ્રતિવાદીઓએ વાદગ્રસ્ત જગ્યામા દબાણ કરેલ છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા **ર્નિણયો** નીચે મુજબ છે.

૧. નકારમા.

૨. નકારમા.

૩. નકારમા.

૪. આખરી હુકમ મુજબ.

::: કા..ર..ણો :::

(૧૦) આ દાવો દિવાની દાવો છે અને કાયદાના સ્થાપિત સિધ્ધાંતો અનુસાર દિવાની કેસ સંભવિતતાની સમતુલા પર નકકી કરવાના રહે છે અને દિવાની કાયદામાં શંકાથી પર હકીકતો પુરવાર કરવાની રહેતી નથી. વધુમાં દિવાની કેસોમાં વાદીએ પોતાના દાવાની હકીકતો પોતાના પગ પર જ પુરવાર કરવાની રહે છે અને તે પ્રતિવાદીની નિષ્ફળતાઓ કે દુર્બળતાથી પોતાનો કેસ સાબિત કરી શકતા નથી. વધુમાં જયારે વાદી દવારા કોઈ પક્ષ નિવેદન કરવામાં આવેલ હોય અને કોઈ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ હોય ત્યારે પ્રતિવાદી તરફથી તે મુદ્દાનો ઈન્કાર કરેલ હોય ત્યારે વાદીએ હકારાત્મક પુરાવો રજુ કરી એ મુદ્દો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરવાનો રહે છે. વધુમાં આ અદાલતના મતે દિવાની કેસોમાં પક્ષનિવેદન, પુરાવાઓ અને પુરાવાની સાબિતી એકસૂત્રતાથી પુરવાર થયે વાદીના દાવામાં હુકમનામું થાય છે અને જો વાદી તેઓનો દાવો આ રીતે સાબિત કરવામાં નિષ્ફળ જાય તો તેના દાવામાં હુકમનામું કરી શકાય નહિ. પુરાવાનો બોજો અને પુરાવાનું ભારણ બંને અલગ અલગ બાબતો છે. પુરાવાનો બોજો એવી વ્યકિત પર રહે છે કે જેઓએ હકીકત સાબિત કરવાની હોય છે અને તે કયારેય તબદીલ થતો નથી પરંતુ પુરાવાનું ભારણ સતત રીતે બદલાતું રહે છે. હાલના કેસમાં વાદી જયારે દાવો લઈને આવેલ

છે ત્યારે વાદી પર તેઓના દાવાની હકીકતો સાબિત કરવાનો બોજો અને જો આવી હકીકતો પુરવાર થાય તો પુરાવાનું ભારણ પ્રતિવાદી પર તબદીલ થાય છે. જો આવા ભારણ સબંધે પુરાવો રજુ થાય તો ફરી તે તબદીલ થાય છે અને પુરાવાનું ભારણ સતત રીતે બદલાતું રહે છે.

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અનુસાર પુરાવાનો બોજો એ કાયદેસરનો બોજો છે અને કલમ ૧૦૨ અનુસારનો બોજો પુરાવા આપવાનો બોજો છે. દિવાની કેસમાં પુરાવાનો બોજો એવી વ્યકિત પર રહે છે કે જો કોઈ પુરાવો રજુ ન થાય તો તેનો કેસ નાસાબિત થાય. જો કોઈ વ્યકિત એવું ઈચ્છતી હોય કે કોઈ કાયદાકીય હકક કે જવાબદારી અંગે કોર્ટ તેઓની તરફેણમાં ચૂકાદો આપે તેવી વ્યકિતએ એવી બાબતો પુરવાર કરવાની રહે છે અને પુરાવાનો બોજો તેવી વ્યકિત પર રહે છે. આમ, પુરાવાનો પ્રથમ બોજો વાદી પર રહે છે અને જો આવો પુરાવો રજુ અને સાબિત થાય તો પુરાવાનું ભારણ પ્રતિવાદીને જાય છે અને તેણે વાદીએ આપેલા પુરાવાનું ખંડન કરવાનું રહે છે. પુરાવા દરમ્યાન જો પ્રતિવાદી યોગ્ય પુરાવો રજુ કરે તો ફરી પુરાવાનું ભારણ વાદી પર જાય છે. આખા કેસની કાર્યવાહી થયા બાદ જો કોર્ટને એવું જણાય કે કોઈપણ વ્યકિતનો પુરાવો સાચો નથી તો તેવા કિસ્સામાં એવું ઠરાવવામાં આવે છે કે જે વ્યકિત પર પુરાવાનો બોજો હતો તે વ્યકિત આ પુરાવાનો બોજો વહન કરી શકેલ નથી. ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને રાખી દિવાની કેસોમાં પુરાવાનું મૂલ્યાંન કરવાનું રહે છે.

(૧૨) **<u>મુદ્દા નં.૧ અને મુદદા નં. ૨.</u>**

ઉપરોકત **મુદા નં.૧** અને **મુદા નં. ૨** એકી સાથે સંકળાયેલ હોય જેથી બીન જરુરી પુનરાવર્તન ટાળવા બંને મુદાઓની ચર્ચા એકી સાથે કરવી ન્યયોચીત જણાતી હોય બંને મુદાઓની ચર્ચા અને તેના નિર્ણયના કારણોની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

આ કામે મુદા નં.૧ અને મુદદા નં. ૨ ની વિગતો જોવામા આવે તો, આ કામના વાદીએ તેની દાવા અરજીમા મુખ્યત્વે વાદીઓના મકાનની પુર્વ વાદીઓની માલીકીની જમીન મુકી આ કામના પ્રતિવાદીઓની માલીકીની તેમજ ભાડાના મકાન આવેલ હોવાની અને તે મકાનના મુખ્ય બારણા પૂર્વ દિશાના છે અને પશ્ચિમ દિશાએ તેમના મકાનોના પાછળના બારણા આવેલા છે અને તેમના પાછળના બારણાથી પશ્ચિમ બાજુએ ખુલ્ી જગ્યા આશરે ૮(આંઠ) એક ફુટ આવેલ હોવાની અને આ ખુલ્લી જગ્યામા આ કામના પ્રતિવાદીઓએ વર્ષોથી દબાણ કરેલ છે તેવી હકીકતો રજુ કરેલ છે. આ કામના પ્રતિવાદીઓ દવારા સદર હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આ પ્રતિવાદીઓ

દવારા આ કામના વાદી સામે તેઓ દવારા રે.દી.મુ. નં.૦૪/૨૦૧૪ નો કરેલ હોય જેથી વાદીઓએ પાછળથી માત્ર દાવો તથા મનાઈઅરજી કરવા ઉપજાવી કાઢેલી આ હકીકત હોવાનુ જણાવેલ છે. આ કામે હાલના વાદીઓ સામે આ પ્રતિવાદીઓ દવારા હાલના વાદીઓ દવારા રે.દી.મુ. નં.૦૪/૨૦૧૪ નો દાખલ કરી હાલના વાદીઓ દવારા દબાણ કરેલ હોવાની હકીકત રજુ કરેલ છે જે રે.દી.મુ. નં.૦૪/૨૦૧૪ નો પુરાવો પણ હાલના દાવા સાથે જ નોધવામા આવેલ છે. આ કામે વાદીઓ દવારા સદર દાવાવાળી મિલ્કત તેમની માલીકીની હોવા અંગે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આ વાદીઓ દવારા પ્રતિવાદીઓની મિલ્કતની પાછળ ૮ ફુટની ખુલ્લી જગ્યા આવેલ હોવાનુ દર્શાવવા કે તે હકીકત રેકર્ડ પર પુરવાર કરવા માટે કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે તે હકીકત પુરવાર કરવા માટે કોઈ સાહેદને તપાસેલ નથી કે, અન્ય એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે, જેના દવારા આ કામે પ્રતિવાદીઓના મકાનની પાછળ પશ્ચિમ બાજુએ વાદીઓની માલીકીની ૮ ફુટ ખુલ્લી જગ્યા આવેલ હોવાની હકીકત પુરવાર થઈ શકે. સામાપક્ષે આ કામના પ્રતિવાદીઓ દવારા આંક–૭૪ ના હુકમ મુજબ રે.દી.મુ. નં. ૦૪/૨૦૧૪ ની સાથે હાલના દાવા અંગેનો પણ પ્રતિવાદી તરીકેનો પુરાવો રજુ કરેલ છે જેમા હાલના પ્રતિવાદીએ વાદીઓ દવારા હાલનો આ દાવો ફકત તેમના દાવાને કાઉન્ટર બ્લાસ્ટ કરવા ઉપજાવી કાઢેલ હોવાનુ જણાવેલ છે. આ વાદીઓ દવારા સદર પ્રતિવાદીઓની કોઈ ઉલટ તપાસ કરવામા આવેલ નથી કે તેમના કથનોનુ ખંડન કરવા માટે કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે અગાઉ ચર્ચા કરી તે મુજબ વાદીઓ જે હકીકતો લઈ દાવો દાખલ કરેલ છે તે હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે અને જો વાદીઓ તે હકીકત પુરવાર કરવામા નિષ્ફળ જાય તો વાદીઓના લાભમા કોઈ હુકમ કરી શકાય નહી જેથી વાદીઓ દવારા આ કામે મુકરર મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ ની હકીકતો પુરવાર કરવામ માટે કોઈ જ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય અને વાદીઓનો પુરાવાનો હકક પણ બંધ કરવામા આવેલ હોય, આ કામે રજુ રેકર્ડ પરથી આ વાદીઓ મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ પુરવાર કરી શકેલ નથી તેવુ મારુ સ્પષ્ટપણે માનવુ છે. જેથી વાદી મુદદા નં. ૧ ની હકીકત મુજબ પ્રતિવાદીઓના મકાનની પાછળ પશ્ચિમ બાજુએ વાદીઓની માલીકીની ૮ ફુટ ખુલ્લી જગ્યા આવેલ હોવાની કે આ ખુલ્લી જગ્યામા પ્રતિવાદીઓએ કોઈ દબાણ કરેલ હોવાની કોઈ હકીકત પુરવાર કરેલ ન હોય **મુદદા નં. ૧** અને **મુદદા નં. ૨** નો નિર્ણય તે મુજબ ન**કારમા** આપવામા આવે છે.

(૧૩) **મુદદા નં. ૩ અને મુદદા નં.૪**

સદર મુદાદઓ વાદી માંગણી મુજબની દાદ મેળવવા હકદાર છે કે કેમ ? અને શુ હુકમ અને શુ હુકમનામુ તે પ્રકારનો છે. ઉપરોકત ચર્ચા મુજબ મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ ની ચર્ચા કરી તે મુજબ વાદી મુદદા નં. ૧ અને મુદદા નં. ૨ પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ છે. જેથી આ સમગ્ર રેકર્ડ પર રજુ થયેલ પુરવા પરથી વાદીઓ પોતાનો દાવો પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ છે જેથી આ કામના વાદી તેની દાવા અરજીમા **પેરા–૮** મા માંગેલ કોઈ દાદ મેળવવા હકદાર નથી તેવુ આ કામે રજુ થયેલા પુરાવા પરથી પુરવાર થાય છે જેથી **મુદદા નં. ૩** નો નીર્ણય **નકારમા** ઠરાવી **મુદદા નં. ૪** અનુવ્યે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

–:: આખરી હુકમ ::–

૧: વાદીનો દાવો નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨: વાદીના દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ ભોગવવો.

૩: હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ, તા. ૧૧ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૬/૨૦૨૬.
બાયડ

(વિજય ચંદુલાલ મકવાણા)
પ્રીન્સીપલ સીનીયર સિવીલ જજ,
બાયડ
કોડ નં. જી.જે. ००૯૯૭